# -::Order Below Exhibit: 5::-

## ૧.)પ્રસ્તાવના:

આ કામના વાદીએ સદર દાવામાં સીવીલ પ્રોસીઝર કોડની ઓર્ડર ૩૯ રૂલ ૧ તથા ૨ કલમ: ૧૫૧ હેઠળ હાલની અરજી કરી દાવાના આખરી નિર્ણય સુધી કામ ચલાઉ મનાઈ મેળવવા માટે અરજ કરેલ છે.

## ૨.) વાદીના કેસની ટુંકમા હકિકત:–

૨.૧) વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, અમો વાદી અને પ્રતિવાદીનાઓ વડીલ મૈ.મીઠલાભાઈ હોળીયાભાઈ ગામીત કરીને હતા. સદર દાવાવાળી જમીન મોજે ડોલારા, તા. વ્યારા જી. તાપીમાં નીચે મુજબ આવેલ છે.

| ખાતા નંબર | નવો સર્વે નં. | જુનો સર્વે નં. | હે.આરે.ચો.મી | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ૨૨૨ | ૩૭ | ૩૦/૧ | ૦–૧૭–૯૦ | ૦–૧૯ |
| | ૩૮ | ૩૦/૨ | ૦–૪૧–૧૭ | ૧–૪૬ |
| | ૩૯ | ૩૧ | ૧–૭૭–૬૭ | ૧–૬૪ |
| | ૬૫ | ૫૦ | ૧–૦૧–૨૦ | ૨–૦૦ |
| | ૫૨ | ૪૨ | ૨–૦૯–૫૧ | ૩–૬૦ |

વાળી મિલકત અમો વાદી – પ્રતિવાદીના વડીલ મીઠલાભાઈ હોળીયાભાઈનાઓનું નામ મોજે ડોલેરા, મહાલ, વ્યારા પ્રાંત નવસારી ગામ નમુના નં. ૩ માં સને ૧૯૪૨ થી ચાલી આવેલુ છે. ત્યારથી સદરહુ દાવાવાળી જમીનમાં મીઠલાભાઈ હોળીયાભાઈનાઓનો કબજો ભોગવટો, અને વહીવટ ચાલી આવેલો. જેથી અમો વાદી– પ્રતિવાદીના દાદાનુ નામ ૧૯૪૨ –૪૩ થી પહાણી પત્રક ડોલારાના ગામ નમુના નં ૩ માં નામ ચાલી આવેલ જેથી તેમના અવસાન બાદ તેમના સીધી લીટીના ચાર વારસ સંતાન ૧.) વજનીબેન મીઠલાભાઈ અને ૨.) હોનાભાઈ મીઠલાભાઈ ૩.) છનાભાઈ મીઠલાભાઈ ૪.) રતનીબેન મીઠલાભાઈનાઓ છે.

૨.૨) જે પૈકી છનાભાઈ મીઠલાભાઈનાઓ અપરિણીત નિસંતાન ગુજરી ગયેલા જેથી મીઠલાભાઈના તમામ વારસોને સદર દાવાવાળી મિલકતમાં સંયુકતમાં હકક હીસ્સો ચાલી આવેલો છે. જેથી તમામ વારસોના નામો દાખલ કરવાને બદલે એક જ પુત્ર વારસનુ નામ નોંધ નં. ૪ થી જે ખેડ હકકમાં હોય તેને સંરક્ષિત ગણોતીયા તરીકે નામ દાખલ કરવાની નોંધ પાડવામાં આવેલ છે.

૨.૩) અમો વાદીના માતા વાદી નં .૧ અને ૨ ના નામો દાખલ થયેલ નહી પરંતુ અમો વાદીના માતા વજનીબેન મીઠલાભાઈનાઓના હયાતીથી સદર દાવાવાળી મિલકત પૈકી સ.નં.૩૯ માં ઘર બનાવીને રહેતા આવેલા છીએ અને ખેતી કરી તુલ લેતા આવેલા જેથી અમો વાદીના માતાના અવસાન બાદ આ કામના પ્રતિવાદીના પિતાજી હોનાભાઈ મીઠલાભાઈ ગામીતનાઓ અમો વાદીના સગા મામા થતા હોય સદર દાવાવાળી મિલકતમાં સંયુકતપણામાં સંમતિ આપીને અમો વાદી નં. ૧/૧ નું નામ દાખલ કરાવેલ.

૨.૪) અમો વાદી સ.નં. ૩૯ વાળી જમીનમાં તા.૨૦૩/૨૦૨૩ નારોજ બપોરના આશરે ચાર વાગ્યાના અરસામાં સાફ સફાઈ કરતા હતા ત્યારે આ કામના પ્રતિવાદીઓ ગાળાગાળી કરી અમો વાદી પાસે આવીને એકદમ ઉશ્કેરાઈ જઈ અમો વાદીની પાસે દોડી આવી ઝઘડો કરવા લાગેલા જેથી અમો વાદીએ પ્રતિવાદીને સમજાવેલ કે મારી માતાની હયાતીથી સદર દાવાવાળી જમીન ખેડીએ છીએ અને ત્યારથી અમો વાદીની માતાએ સદર જમીનમાં બનાવેલ ઘરમાં રહેતા આવેલા છીએ.

૨.૫) આમ સદર કામે હાલનો દાવો કરી મનાઈ અરજીની સબબની અરજ કરેલ છે.

## ૩.) કેસની કાર્યવાહી:

સબબ કામે વાદીના દાવા અરજી અને મનાઈ અરજીના અનુસંધાને આ કામે પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ કરવામાં આવેલ. જે નોટીસો પ્રતિવાદીઓને અનુક્રમે બજી ગયેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીનાઓ આંક: ૧૬ થી લેખિત જવાબ રજુ કરેલ છે.

વધુમાં આ કામે પ્રતિવાદીનાઓને સદર લેખિત જવાબમાં વાદીની દાવા અરજી અને મનાઈ અરજી લગતની તમામ હકિકતો નકારી કાઢેલ છે. વધુમાં પ્રતિવાદીઓ જણાવેલ છે કે, દાવાવાળી મિલકતમાં તેઓ વર્ષાથી રહે છે તેમજ કબજો તેમનો છે. તેમજ વાદીના દાવા અરજી લગત કોઈ કારણ રહેતુ ન હોય જેથી વાદીની મનાઈ અરજી ખર્ચસહિત રદ્દ કરવા અરજ કરેલ છે.

## ૪.)અ) વાદીઓ તરફે વિ.વ.શ્રી કે.બી.ગામીત:

વાદીનાઓ તરફે વિ.વ.શ્રી રજુઆત છે કે, અમો વાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલે છે. તેમજ દાવાવાળી મિલકત પર વાદીઓના માલીકીની તથા કબજાની મિલકત છે. અમો વર્ષો તુલ લેતાં આવેલ છીએ. અમો પ્રથમદર્શીનીય રીતે વાદીની તરફેણમાં કેસ છે. જો વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે તો વાદીઓને ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જાય તેમ છે. મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો સગવડની સમતુલા સચવાઈ રહે. વધુમાં જો મનાઈ હુકમ ન આપવામાં આવે તો મલ્ટીપીટીસીટી ઓફ પ્રોસીડીગ થવાની શકયતા રહે છે. આમ, વાદીની મનાઈ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

## બ) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એ.એલ.ગામીત:

પ્રતિવાદીનાઓ તરફે વિ.વ.શ્રી રજુઆત છે કે, આ કામે વાદીનાઓએ હાલનો ખોટો દાવો કરી ખોટી મનાઈ અરજી માંગેલ છે. વાદીનાઓએ હાલની ખોટી અરજીના આધારે અમો પ્રતિવાદીને હેરાન કરવા માટે અરજી કરેલ છે. તેમજ આ

કામે દાવાવાળી મિલકતના માલીક તેમજ કબ્જેદાર અમો પ્રતિવાદીનાઓ છીએ.

આમ, વાદીની મનાઈ અરજી ખર્ચે સહીત રદ્દ કરવા અરજ છે.

૫.) સદર કામે વાદી તરફે આંક: ૩ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) વાદી તર્ફે દસ્તાવેજી લીસ્ટ

| ક્રમ | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | ગામ નમુના નં. ૮ અ નો ઉતારની નકલ | નિ:૩/૧ |
| ૨ | ગામ નમુના નં. ૭ ના ઉતારની નકલ | નિ:૩/૨ |
| ૩ | ગામ નમુના નં. ૧૨ ના ઉતારની નકલ | નિ:૩/૩ |
| ૪ | ગામ નમુના નં. ૭ ના ઉતારની નકલ | નિ:૩/૪ |
| ૫ | ગામ નમુના નં. ૧૨ ના ઉતારની નકલ | નિ:૩/૫ |
| ૬ | ગામ નમુના નં. ૭ ના ઉતારની નકલ | નિ:૩/૬ |
| ૭ | ગામ નમુના નં. ૧૨ ના ઉતારની નકલ | નિ:૩/૭ |
| ૮ | ગામ નમુના નં. ૭ ના ઉતારની નકલ | નિ:૩/૮ |
| ૯ | ગામ નમુના નં. ૧૨ ના ઉતારની નકલ | નિ:૩/૯ |
| ૧૦ | ગામ નમુના નં. ૭ ના ઉતારની નકલ | નિ:૩/૧૦ |
| ૧૧ | ગામ નમુના નં. ૧૨ ના ઉતારની નકલ | નિ:૩/૧૧ |
| ૧૨ | જ.મે.ધારાની કલમ ૧૩૫ ડી ની નોટીસ | નિ:૩/૧૨ |
| ૧૩ | ફેરફાર નોંધ ની નકલ | નિ:૩/૧૩ |
| ૧૪ | ગામ નમુના ૩ ની નકલ | નિ:૩/૧૪ |
| ૧૫ | ગામ નમુના ૩ ની નકલ | નિ:૩/૧૫ |
| ૧૬ | અસલ પેઢીનામુ | નિ:૩/૧૬ |

**(બ) પ્રતિવાદી નાઓ તર્ફે દસ્તાવેજી લીસ્ટ**

| ક્રમ | વિગત | નિશાની |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ થી ૩૫ | ગામ નમુનાનં ૭ અને ૧૨, ૮ અ તથા ગામ નમુના નં. ૬ નુ હકકપત્રક ની ખરી નકલો | નિ:૧૭/૧ થી નિ: ૧૭/૩૫ |

૬.) સદર અરજીનાં નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧). શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨). શું વાદીને પૈસાથી ન મળી શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

૩). શું સમતુલાનું પલ્લું વાદીની તરફેણમાં છે ?

૪). શું હુકમ ?

૭). ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧). હકારમાં

૨). હકારમાં

૩). હકારમાં

૪). આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

*** મુદ્દા નંબર ૧ થી ૩ ની સંયુકત ચર્ચા :-**

૮.) વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, સદર દાવાવાળી જમીન મોજે ડોલારા, તા. વ્યારા જી. તાપીમાં નીચે મુજબ આવેલ છે. ખાતા નં. ૨૨૨ ના નવા સર્વે નં ૩૭, ૩૮, ૩૯, ૬૫, ૫૨ થી દાવાવાળી તકરારી મિલકત છે. સદર મિલકત અમો વાદી - પ્રતિવાદીના વડીલ મીઠલાભાઈ હોળીયાભાઈનાઓનું નામ મોજે ડોલેરા, મહાલ, વ્યારા પ્રાંત નવસારી ગામ નમુના નં. ૩ માં સને ૧૯૪૨ થી ચાલી આવેલુ છે. ત્યારથી સદરહુ દાવાવાળી જમીનમાં મીઠલાભાઈ હોળીયાભાઈનાઓનો કબજો ભોગવટો, અને વહીવટ ચાલી આવેલો. જેથી અમો વાદી- પ્રતિવાદીના દાદાનુ નામ ૧૯૪૨ -૪૩ થી પહાણી પત્રક ડોલારાના ગામ

નમુના નં ૩ માં નામ ચાલી આવેલ જેથી તેમના અવસાન બાદ તેમના સીધી લીટીના ચાર વારસ સંતાન ૧.) વજનીબેન મીઠલાભાઈ અને ૨.) હોનાભાઈ મીઠલાભાઈ ૩.) છનાભાઈ મીઠલાભાઈ ૪.) રતનીબેન મીઠલાભાઈનાઓ છે. જે પૈકી છનાભાઈ મીઠલાભાઈનાઓ અપરિણીત નિસંતાન ગુજરી ગયેલા જેથી મીઠલાભાઈના તમામ વારસોને સદર દાવાવાળી મિલકતમાં સંયુકતમાં હકક હીસ્સો ચાલી આવેલો છે. જેથી તમામ વારસોના નામો દાખલ કરવાને બદલે એક જ પુત્ર વારસનુ નામ નોંધ નં. ૪ થી જે ખેડ હકકમાં હોય તેને સંરક્ષિત ગણોતીયા તરીકે નામ દાખલ કરવાની નોંધ પાડવામાં આવેલ છે. અમો વાદીના માતા વાદી નં .૧ અને ૨ ના નામો દાખલ થયેલ નહી પરંતુ અમો વાદીના માતા વજનીબેન મીઠલાભાઈનાઓના હયાતીથી સદર દાવાવાળી મિલકત પૈકી સ.નં.૩૯ માં ઘર બનાવીને રહેતા આવેલા છીએ અને ખેતી કરી તુલ લેતા આવેલા જેથી અમો વાદીના માતાના અવસાન બાદ આ કામના પ્રતિવાદીના પિતાજી હોનાભાઈ મીઠલાભાઈ ગામીતનાઓ અમો વાદીના સગા મામા થતા હોય સદર દાવાવાળી મિલકતમાં સંયુકતપણામાં સંમતિ આપીને અમો વાદી નં. ૧/૧ નું નામ દાખલ કરાવેલ. અમો વાદી સ.નં. ૩૯ વાળી જમીનમાં તા.૨૦૩/૨૦૨૩ નારોજ બપોરના આશરે ચાર વાગ્યાના અરસામાં સાફ સફાઈ કરતા હતા ત્યારે આ કામના પ્રતિવાદીઓ ગાળાગાળી કરી અમો વાદી પાસે આવીને એકદમ ઉશ્કેરાઈ જઈ અમો વાદીની પાસે દોડી આવી ઝઘડો કરવા લાગેલા જેથી અમો વાદીએ પ્રતિવાદીને સમજાવેલ કે મારી માતાની હયાતીથી સદર દાવાવાળી જમીન ખેડીએ છીએ અને ત્યારથી અમો વાદીની માતાએ સદર જમીનમાં બનાવેલ ઘરમાં રહેતા આવેલા છીએ.

**એ) રેકર્ડ ઓફ રાઈટસ આધારે:–**

**૯.૧)** આ કામે વાદીએ પોતાના કથનોના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજો જોવામાં આવે

તો નિ: ૩/૧ થી ગામ નમુના નં. ૮ અ નો ઉતારાની નકલ રજુ કરેલ છે. નિ:૩/૨ થી નિ: ૩/ ૧૧ સુધી ગામ નમુના નં. ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમાં આ કામના વાદી નં. ૧/૧ તથા પ્રતિવાદીનાઓનુ નામ કબજેદારની કોલમમાં દર્શાવેલ છે. નિ: ૩/૧૨ જ.મે. ધારાની કલમ: ૧૩૫ ડી ની નોટીસ રજુ કરેલ છે. તેમજ નિ: ૩/૧૩ જોતાં, સદર કામે ફેરફાર નોંધ રજુ કરેલ છે. નિ: ૩/૧૪ અને ૧૫ થી ગામ નમુના નં. ૩ રજુ કરેલ છે. નિ: ૩/૧૬ થી અસલ પેઢીનામુ રજુ કરેલ છે. જેમાં આ કામે વાદીનાઓ તથા પ્રતિવાદીનાઓ એક જ કુટુંબના સભ્યો છે.

સદર કામે પ્રતિવાદીઓ તેમના બચાવમાં નિ:૧૭/૧ થી ૧૭/૨૫ સુધી ગામ નમુના નં ૭ અને ૧૨ ના ઉતારો, ગામ નમુના નં. ૬ હકકપત્રક, તેમજ અસક ખેડુત પોથી વિગેરે રજુ કરેલ છે.

૧૦.) આ તબકકે નિ: ૩/૧ થી ૩/૧૧૧ થી ગામ નમુના નં. ૭ અને ૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. જેમાં આ કામના વાદી નં.૧/૧ અને પ્રતિવાદીનાઓના નામ કબજેદારની કોલમમાં દર્શાવેલ છે. તેમજ બંને પક્ષકારો એક જ કુટુંબના સભ્યો છે.

૧૧.) આ તબકકે ઉપરોકત વાદી તથા પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજોને ધ્યાને લેતાં, જો આ તબકકે મનાઈ હુકમ આપવામાં ન આવે તો પક્ષકારો સદર દાવાવાળી મિલકતને સદર દાવાના આખરી નિર્ણય સુધીમાં બીજા અન્ય હકકો ટ્રાન્સફર કે અન્ય વેચાણ કે તે પરત્વે હક ઉભા કરે તો હાલના પક્ષકારોને બિનજરૂરી દાવાદુવી, તેમજ મલ્ટીપ્લીટીસીટી ઓફ પ્રોસીડીગ થવાની પુરી સંભવાના છે. આમ આ તબકકે પ્રથમદશીનીય દર્શાવી શકેલ છે. વધુમાં સમન્યાયીના સિધ્ધાંત અનુસાર અને સગવળતાની સમતુલા જોતાં જે વાદીની તરફેણમાં છે. તેમજ વાદીઓ પૈસાથી ભરપાઈ ન થઈ શકે તે પ્રકારનુ નુકસાન દર્શાવી શકેલ છે. આમ, વાદીનો કોઈ

પ્રથમદર્શીનીય કેસ પુરવાર કરી શકેલ છે.

૧૨). આમ, ઉપરોકત ચર્ચા આધારો વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ છે. તેમજ જો વાદીઓની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને ભરપાઈ ન થાય તેવું કોઈ નુકશાન જાય તેવું પ્રથમદર્શનીય રીતે પુરવાર કરી શકેલ છે. તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે. આમ મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે તેમજ મુદ્દા નંબર ૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## - : : હુકમ : : -

૧.) વાદીની મનાઈ અરજી નીચેની શરતે મંજુર કરવામાં આવે છે.

૨.) વાદી પ્રતિવાદીઓને દાવાવાળી મિલકત દાવાના આખરી નિર્ણય સુધી યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩.) અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

આજરોજ તારીખ:-૧૯ મી માહે જુલાઈ સને ૨૦૨૪ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

..................................

તારીખ :- ૧૯/૦૭/૨૦૨૪.
તાપી

(જીગ્નેશ વિષ્ણુભાઈ પટેલ)
એડી. સીનીયર સીવીલ જજ
વ્યારા, જી. તાપી
(U.Id.code no.GJ00960)